# ૧૦.૨.૬. મનોવિજ્ઞાન વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૩-૨૪

તા.૨૪/૦૮/૨૦૨૩ને ગુરૂવારનાં રોજ કોલેજની IQAC કમિટી તેમજ રાષ્ટ્રીય સેવા યોજના(NSS) અને મનોવિજ્ઞાન વિભાગ અંતર્ગત ટેલી માનસ વિષય સંદર્ભે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે સિવિલ હોસ્પિટલ નવસારીથી મનોચિકિત્સક ડૉ.ઇન્દ્રવદન.બી.પરીખ ઉપસ્થિત રહ્યા હતા. જેમને પ્રોગ્રામ ઓફિસર પ્રા.અમિતભાઈ પટેલે પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. ડૉ.પરીખ સાહેબે વિષયને અનુસંધાને વ્યાખ્યાન આપતા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે જીવના દરેક તબક્કે હકારાત્મક અભિગમ રાખવો ખૂબ જરૂરી છે, ભાગદોડથી ભરેલા માનવજીવનમાં અનેક પ્રશ્નોનો સામનો કરવો પડે છે. એવા સમયે વ્યક્તિ માનસિક તાણનો અનુભવ કરતો હોય છે, ત્યારે જો કોઈની યોગ્ય સમયે મદદ મળી જાય તો જીવન બચી જાય અને એવે સમયે માનસિક સ્વાસ્થ્ય સૌની પ્રાથમિકતા છે તેમણે 'ટેલી માનસ' (નિઃશુલ્ક ટેલિફોન/મોબાઈલ કાઉન્સેલિંગ સેવા 1-800-891-4416-પૂરી પાડે છે) અંગે યોગ્ય માર્ગદર્શન પુરૂં પાડ્યુ હતું.

તા.૨૪/૦૮/૨૦૨૩ને ગુરૂવાર, ટેલીમાનસ-વ્યાખ્યાન-મનોચિકિત્સક, ડૉ.પરીખ











# "ઇન્ટરનેટ વ્યસનની વિધાર્થીઓ ઉપર થતી અસર"

Dr. Meghana R. patel
Assistant professor (Psychology)
Government Arts, commerce And Science college khergam

## ૧ પ્રસ્તાવના

માનવી એ કુદરતની અનન્ય અજોડ સર્જનાત્મક કલા છે. માનવી તેના જેવા બીજા માનવીઓ સાથે રહીને પોતાના જીવનના વિવિધ ક્ષેત્રો સર કરે છે.અને વળી ગુજરાતીમાં એક કહેવત છે.કે માનવી ઇરછઓનું પોટલું છે.તેની પોતાની ઇરછાઓથી કયારેય સંતોસ થતો નથી .તેની એક ઇરછાપૂર્ણ થાય ન થાય ત્યાંતો તેનામાં નવી નવી ઇરછાઓ પ્રગટ થાય છે અને આ ઇરછાઓને પૂર્ણ કરવા પ્રયત્ન કરે છે પહેલા એવુ હતુ કે ટેપ કે રેડિયોને મનોરંનના સારામાં સારા સાધનો તરીકે ઓળખવામાં આવતા હતા.આજે ટેપ અને રેડિયોને છોડી દઇ એ સ્થાન આજે ટી.વી,કોમ્પ્યુટર અને મોબાઇલને અપાઇ રહ્યું છે.આજે લોકો વિવિધ રીતે કોમ્પ્યુટર અને મોબાઇલનો ઉપયોગ કરી રહ્યાછે. આજે કોઇ પણ પ્રકારની નોકરી કે વેપાર,ધંધો કરવા માટે કોમ્પ્યુટની આવડતને પ્રાધાન્ય આપવામાં આવે છે.જેમ વધારે પ્રમાણમાં ટી.વી જોવાથી જે તે કાર્યક્રમોની વ્યકિત ઉપર ઊંડી અસર પડે છે.તેથી આવા ગાઢ અસર પડતા વ્યસનને રોકવું જરૂરી છે.જેમ સીગારેટ પીતા વ્યકિતને સીગારેતનો વ્યસની કહેવાય છે તેમ ઇન્ટનેટનો ઉપયોગ કરનાર વ્યકિતને પણ ઇન્ટનેટનો વ્યસની કહેવાય છે.

વર્તમાન સમયમાં વિધાર્થીઓ અને પુખ્ત વ્યકિતઓ ઇન્ટનેટનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરે છે. વિધાર્થીઓ પોતાની શૈક્ષણિક માહિતી મેળવવા માટે તેમજ પુખ્ત વ્યકિતઓ આનંદ પ્રમોદ તેમજ પુખ્ત વ્યકિતઓ આનંદ પ્રમોદ તેમજ જીગનાસાવૃતિ સંતોષવા માટે ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે.વ્યક્તિ એક સામાજીક પ્રાણી છે. અને વળી વ્યક્તિ સમાજમાં રહે છે.સમાજમાં રહેતી ઘણી વ્યક્તિઓ આજે બિનજરૂરી ઇન્ટરનેટનો ઉપયોગ કરતો જોવા મળે છે.નાના બાળકો અને પુખ્ત વ્યક્તિઓ પણ પોતાના આનંદ ઉલ્લાસ માટે ઇન્ટરનેટનો ઉપયોગ વિવિધ રીતે કરતા હોય છે.આધુનિક સમયમાં ઇન્ટરનેટ પર વિડિયોગેમ્સ,જુદા જુદા પ્રકારની પ્રવૃતિઓની સાથે-સાથે છેતરપીંડીના કેસો પણ બહાર આવી રહ્યાં છે.નાના બાળકો કોમ્પ્યુટર તથા ઇન્ટરનેટ પર વધુ ધ્યાન આપતા થયા છે.આપ્રકારની બાબતો પર નિયંત્રણ કરવામાં ન આવે તો એક સમય એવો આવશે કે જ્યારે યુવાનો પોતાની જીદંગીનું ધ્યેય ભુલી ગયા હશે જ્યારે તેમને વાસ્તવિકતાનો ખ્યાલ આવશે ત્યારે ખૂબજ મોડું થઇ ગયું હશે.તેના માટે કહી શકાય કે”ઘર આગથી સળગતુ હોય અને કૂવો ખોદવો એ નકામું છે.” પાણી વહી ગયા પછી પાળ બાધંવી નકામી છે.આથીજ અત્યારથીજ બિનજરૂરી ઇન્ટરનેટનો ઉપયોગને રોકવો જરૂરી છે.

## ૨ અધ્યયન સમસ્યાની પસંદગી

સંશોધકે પ્રતુત અધ્યનની સમસ્યા શબ્દબધ્ધ કરતા પહેલા સંશોધકે સમસ્યા પસંગીની બાબતો નીચેની બાબતો ધ્યાનમાં લીધી હતી.

સંશોધનકર્તાની સમક્ષ સર્વપ્રથમ એ સમસ્યા હોય છે કે કઇ સમસ્યાનો અભ્યાસ કરવામાં આવે સંશોધન સમસ્યાની પસંદગી સંશોધનની શરૂઆત કરતાં પહેલા કરવાની હોય છે. સંશોધન સમસ્યાની પસંદગી કરવા માટે સંશોધનકર્તા પાસે જ્યારે કરવાની હોય છે. . સંશોધન સમસ્યાની પસંગી કરવા

માટે સંશોધનકર્તા પાસે જ્યારે સમસ્યાને લગતી સૈધ્ધાંતિક અને વ્યવહારિક માહિતી હોય છે.તો તેના માટે સંશોધન સમસ્યાની પસંગી સરળ થઇ જાઇ છે.

3 ઇન્ટરનેટ વ્યસનની વ્યાખ્યા (Defining Internet Addiction disorder)

કોઇ પણ વ્યક્તિને ઇન્ટરનેટ વ્યસનના રોગ હોવાનું નિદાન કરતા પહેલાં તે માણસમાં અમેરિકન સાઇકયાટ્રીક એસોસીએશન (APA) દ્વારા જાહેર કરેલા પ્રમાણિક નિયમો જોવા મળવા જોઇએ.બાર મહિનાના સમયગાળામાં નીચે દર્શાવેલા ક્રિયાઓમાંથી ત્રણ કે તેથી વધુ ક્રિયાઓ વ્યક્તિમં હોયતો તેને ઇન્ટરનેટ વ્યસની કહી શકાય

૧. વ્યક્તિ ઇન્ટરનેટ ઉપર સંતોષ મેળવવા માટે વધુને વધુ સમય બેસી રહે અને ઇન્ટરનેટ પર વધુ સમય બેસવાને લીધે તેના પર ખરાબ અસર જોવા મળે.

૨.સતત આવતા વિચારોને દૂર કરવા કે તેનાથી શાંતિ મેળવવા ઇન્ટરનેટનો ઉપયોગ કરવામાં વ્યસ્ત રહેવું.

3. ઇન્ટરનેટનો ઉપયોગને કારણે અગત્યની સામાજિક,વ્યવસાઇક કે આનંદ મનોરંજનની પ્રવૃતિઓને છોડી દેવામાં આવે છે કે ઓછી કરી દે છે.

૪ સંશોધનના ઉદ્દેશો

૧. ઇન્ટરનેટનો ઉપયોગ કરનાર વિધાર્થીઓ અને પુખ્ત વ્યક્તિઓ વચ્ચે કોઇ તફાવત ધરાવે છે કે કેમ તે અંગે જાણકારી મેળવવી.

૨. ઇન્ટરનેટનો અને તેના ઘટકો વચ્ચે કોઇ તફાવત છે કે કેમ તે અંગે જાણ્કારી મેળવવી.

૫. સંશોધનની ઉત્કલ્પનાઓ.

૧.ઓછી અને મધ્યમ ઇન્ટરનેટ વ્યસનનો ઉપયોગ કરનાર વિધાર્થીઓ અને વ્યક્તિઓ વચ્ચે કોઇ તફાવત નથી.

૨.ઓછી અને વધુ ઇન્ટરનેટ વ્યસનનો ઉપયોગ કરનાર વિધાર્થીઓ અને વ્યક્તિઓ વચ્ચે કોઇ તફાવત નથી

3.મધ્યમ અને વધુ ઇન્ટરનેટ વ્યસનનો ઉપયોગ કરનાર વિધાર્થીઓ અને વ્યક્તિઓ વચ્ચે કોઇ તફાવત નથી.

૪. ઓછી અને મધ્યમ ઇન્ટરનેટ વ્યસનનો ધરાવતા વ્યક્તિઓની અર્થવિહીનતામાં કોઇ તફાવત નથી.

૫. ઓછી અને વધુ ઇન્ટરનેટ વ્યસનનો ઉપયોગ કરનાર વિધાર્થીઓ અને વ્યક્તિઓની અર્થવિહીનતામાં કોઇ તફાવત નથી

| ક્રમ | સ્વતંત્ર પરિવત્યો | કક્ષાઓ |
|---|---|---|
| ૧ | વ્યક્તિનો પ્રકાર | વિધાર્થીઓ/પુખ્ત વ્યક્તિઓ |
| ૨ | જાતિ (Sex) | પુરુષ/સ્ત્રી |
| 3 | ઇન્ટરનેટ એડિશન | ઓછી/મધ્યમ/વધુ |

૭. કોષ્ટક નં.૧

| ક્રમ | પરિવત્યોના નામ | સંગના | પરિવર્ત્યોનું સ્વરૂપ | કક્ષાની સંખ્યા | કક્ષાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યક્તિનો પ્રકાર | A | સ્વતંત્ર | 2 | A1 વિદ્યાર્થી |
| | | | | | A2 પુખ્ત વ્યક્તિઓ |
| ૨ | જાતિ | B | સ્વતંત્ર | 2 | B1 પુરુષ |
| | | | | | B2 સ્ત્રી |

ઇન્ટરનેટ વ્યસનનો ઉપયોગ કરનાર વિદ્યાર્થીઓ પુખ્ત વ્યક્તિઓ અને સ્ત્રી પુરૂષ મા કોઇ તફાવત ધરાવે છે કે કેમ તેનો અભ્યાસ કરવા માટે 2¢2 ફેકટોરીયલ યોજના પસંદ કરવામાં આવી હતી.આ યોજના અંતર્ગત ઉપરોક્ત બન્ને સ્વતંત્ર પરિવર્ત્યોની મુખ્ય અને આંતરક્રિયાત્મક અસર માટેની યોજનામાં ઉદભવતા કુલ 4 જુથોમાં સમાન સંખ્યાના નિદર્શપાત્રો લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું કુલ 160 પાત્રો પર અભ્યાસ કરવામાં આવ્યો હતો.

2¢2 ફેકટોરીયલ યોજના અંતર્ગત પ્રત્યેક જુથમાં નિદર્શપાત્રોની સંખ્યા.

| **વિદ્યાર્થી (A1) n=80** | | **પુખ્ત વ્યક્તિ (A2) n=80** | |
|---|---|---|---|
| પુરુષ (B1) | સ્ત્રી (B2) | પુરુષ(B1) | સ્ત્રી(B2) |
| 40 | 40 | 40 | 40 |

**કોષ્ટક નં.૨** ઓછી અને મધ્યમ ઇન્ટરનેટ વ્યસન ધરાવતા વ્યક્તિઓના પ્રાપ્તાંકોના મધ્યકો,પ્રમાણ વિચલન અને ‘t’ મુલ્ય (N=122)

| **ઈન્ટરનેટ વ્યસન** | **સંખ્યા (n)** | **મધ્યક (M)** | **પ્રમાણ વિચલન (SD)** | **‘t’ મૂલ્ય** |
|---|---|---|---|---|
| ઓછી | 34 | 24.35 | 2.96 | 4.33 ** |
| મધ્યમ | 88 | 21.58 | 3.65 | |
| | **P>0.01 | | | |

કોષ્ટક નં.૨ નુ નિરીક્ષણ કરતાં જોવા મળે છે કે ઓછી અને મધ્યમ ઇન્ટરનેટ વ્યસન ધરાવતા વ્યક્તઓના પ્રાપ્તાંકોનુ તફાવતનું **‘t’ મૂલ્ય** ૪.33 છે. જે ૦.૦૧ કક્ષાની સાર્થકતા ધરાવે છે. મધ્યમ ઇન્ટરનેટ વ્યસન ધરાવતા વ્યક્તઓ કરતા ઓછી ઇન્ટરનેટ વ્યસન ધરાવતા વ્યક્તિઓ નું પ્રમાણ ઓછું છે.

**કોષ્ટક નં.3** ઓછી અને મધ્યમ ઇન્ટરનેટ વ્યસન ધરાવતા વ્યક્તિઓના સંતોષનાં મધ્યકો,પ્રમાણ વિચલન અને **'t' મૂલ્ય (N=122)**

| **ઈન્ટરનેટ વ્યસન** | **સંખ્યા (n)** | **મધ્યક (M)** | **પ્રમાણ વિચલન (SD)** | **'t' મૂલ્ય** |
|---|---|---|---|---|
| ઓછી | 34 | 3.59 | 0.66 | 1.75 NS |
| મધ્યમ | 88 | 3.80 | 0.43 | |
| NS= Not Significant | | | | |

**કોષ્ટક નં.3નું નિરીક્ષણ કરતાં જોવા મળે છે કે** ઓછીકે મધ્યમ ઇન્ટરનેટ વ્યસન ધરાવતા વ્યક્તિઓના સંતોષનાં પ્રાપ્તાંકોના મધ્યકો અનુક્રમે ૩.59 અને ૩.80 જોવા મળે છે.તેમની વચ્ચેના તફાવતનું**'t' મૂલ્ય** 1.75 છે.જે 0.05 કક્ષાએ પણ સાર્થક તફાવત ધરાવતું નથી.અને શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.એટળેકે સાર્થક તફાવત ધરાવતી નથી.

સંદર્ભગ્રથ


1. Ross,C.E., and C Van Willigen M.(1997) Education and the subjective quality of life journal of health and social Behaviour,Vol.38,275-297.

2. Lins., Tsai c. (2000) Section seeking and internet dependence of Taiwanese high school Adolescnts Computers in human behaviour july,vol, 18 No.4,PP,411-426 (16).

3.Marray, Bridget. (1996) " Is your computer use out of control?" APA monitor American psychological Association.



Dr. Meghana R. patel

Assistant professor (Psychology)

Government arts college, Sagbara

Ta – Sagbara, Dist – Narmada-393050

Mo. No. 7433893861

તા.૧૧/૦૭/૨૦૨૩, આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી









તા.૦૭/૦૮/૨૦૨૩, 'વિશ્વ કોમર્સ દિવસ'ની ઉજવણી

















દિવ્ય ભાસ્કર નવસારી 12-08-2023

## ખેરગામમાં 'વિશ્વ કોમર્સ દિવસ'ની વકતૃત્વ સ્પર્ધા સાથે ઉજવણી કરાઇ

ખેરગામ । ખેરગામની સરકારી કોલેજમાં કોમર્સ વિભાગ તેમજ સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત આચાર્ય ડો.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ 'વિશ્વ કોમર્સ દિવસ'ની ઉજવણી નિમિત્તે વકતૃત્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 7 વિદ્યાર્થિનીએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે સહાની મધુ, દ્વિતીય ક્રમે પટેલ કીર્તિ અને તૃતીય ક્રમે પટેલ ભાવિન આવ્યા હતા. પ્રાસંગિક વક્તવ્ય આપતાં આચાર્ય ડો.એસ.એમ.પટેલે વિદ્યાર્થીઓને કોમર્સનો ઈતિહાસ અને મહત્વ અંગે મુક્તમને ચર્ચા કરી હતી. આંકડાશાસ્ત્ર વિષયમાં ફરજ બજાવતા પ્રા.જીગર પરમારે કોમર્સના રોજીંદા જીવનમાં ઉપયોગ તથા અભ્યાસનું મહત્વ અંગે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. એકાઉન્ટન્સી વિષયનાં પ્રા.સુનીલભાઈ એમ.જાદવે કોમર્સ શાખામાં કારકિર્દી ઘડતર અંગે માહિતી આપી હતી. પ્રા.મેહુલભાઈ પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વિજ્ઞાન પ્રવાહનો અહેવાલ : શૈ.વર્ષ:૨૦૨૩-૨૦૨૪

**પ્રા.રક્ષાબેન બી. પટેલ**

**વિભાગઅધ્યક્ષ- વિજ્ઞાનપ્રવાહ**

દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના છેવાડાના ખેરગામ તાલુકાના અંતરિયાળઅને આદિવાસી વિસ્તારમાં આવેલ સરકારી કોલેજમાં 2022-23 માં વિજ્ઞાન પ્રવાહ શરૂ થતા આનો લાભ આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓને મળે છે એ આપણા માટે ગૌરવ ની વાત છે. વિજ્ઞાન પ્રવાહના બાળકોઘર આંગણે ઉચ્ચ શિક્ષણનો લાભ મેળવી ને પોતાનું ભાવિ ઉજ્જવળ બનાવે તેમજ ઉત્તરોઉત્તર પ્રગતિ કરી ગામ,તાલુકો,જિલ્લો,રાજ્ય અનેરાષ્ટ્રના વિકાસમાં સહભાગી બને તે હેતુથી આ વિજ્ઞાનકોલેજઆચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલનાંઅથાગપ્રયાસોને કારણેશરૂકરવામાંઆવી છે. આકોલેજમાં F.Y.B.Sc અને S.Y.B.Sc માંમુખ્ય વિષયોમાં ભૌતિકશાસ્ત્ર,રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર તેમજ ગણિતશાસ્ત્ર જેવા વિષયો શીખવવામાં આવે છે.ગત વર્ષે કોલેજમાં લેબોરેટરીની સુવિધાના અભાવે જનતા હાઈસ્કુલ, ખેરગામ તેમજ વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા ખાતે વિદ્યાર્થીઓને પ્રાયોગિક કાર્ય માટે જવું પડ્યું હતું પરંતુ આ વર્ષે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલનાં પ્રયત્નોથી બધા વિષયો માટેની લેબોરેટરીની સુવિધા ઉપલબ્ધ કરી છે જેથી વિદ્યાર્થીઓ થીયરી સાથે પ્રાયોગિક કાર્ય માં નિપુણ બની ગ્રેજ્યુએશન પદવી મેળવે. કોલેજમાં આજુબાજુની જુદી જુદી કોલેજનાં વિષય નિષ્ણાત અધ્યાપકોનાં ગેસ્ટ લેકચર ગોઠવવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓને તેમના જ્ઞાનનો લાભ આપી શકાય.વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સંલગ્નઆ કોલેજમાં યુનિવર્સીટી દ્વારા યોજવામાં આવતાવિવિધ કાર્યક્રમો જેવા કે રાષ્ટ્રીય સેવાયોજના (NSS) ,સપ્તધારા,ઉદ્દિશા,રૂસા,SSIP,ઇનોવેશન ક્લબ,BIS ક્લબ કાર્યરત છે આ ઈત્તર પ્રવૃત્તિઓ થકી વિદ્યાર્થીઓ વ્યક્તિત્વ વિકાસ કરી રાષ્ટ્ર વિકાસમાં સહભાગી બને એવા પ્રયાસો થાય છે અને તેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

## <u>શૈ.વર્ષ:૨૦૨૩-૨૦૨૪ દરમિયાન થયેલ પ્રવૃતિઓની ઝલક</u>

**૧.**તા.૧૦/૦૭/૨૦૨૩, સોમવારનાં રોજ શૈ.વર્ષ:૨૦૨૩-૨૦૨૪- F.Y.B.A./B.COM./B.Sc માં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે આવકાર, સ્વાગત-સત્કાર કાયક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૯૦ (૨૬ ભાઈઓ અને ૬૪ બહેનો) વિદ્યાર્થીઓ અને ૦૯ અધ્યાપકો (૦૩ ભાઈઓ અને ૦૬ બહેનો) ઉપસ્થિત રહ્યા હતા.

**તા.૧૦/૦૭/૨૦૨૩,**F.Y.B.A./B.COM./B.Sc**પ્રવેશોત્સવ**



**૨**. તા.૨૫/૦૭/૨૦૨૩ને મંગળવારનાં રોજ “G-Y20” કાર્યક્રમ અંતર્ગત કોલેજની IQAC કમિટી અને સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અને વિજ્ઞાન પ્રવાહના સયુંકત ઉપક્રમે “Botanical and Environmental Plant and Poster Exhibition” સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૩(૨૫ ભાઈઓ અને ૬૮ બહેનો) વિદ્યાર્થીઓ અને ૨૧ અધ્યાપકો (૧૦ ભાઈઓ અને ૧૧ બહેનો) ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૫/૦૭/૨૦૨૩, “Botanical and Environmental Plant and Poster Exhibition”



ખેરગામમાં બોટનિકલ અને પર્યાવર
છોડ અને પોસ્ટર પ્રદર્શન યોજાયુ

ખેરગામા ખેરગામ કોલેજમાં વિદ્યાર્થીઓ ઔષધિય વનસ્પતિ મેળવે અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવે તે હેતુ થી ડો.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ “Botanical Environmental Plant and Poster Exhibition” સ્પર્ધાનું કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ જીવંત ઔષધિય વન વેલીઓ, સુગંધ આપતી વનસ્પતિઓ, જુદા-જુદા પ્રકારની જૈવિક અને કૃત્રિમ ખાતરો વિશે પોસ્ટર પ્રદર્શન રજૂ કર્યું હતું. ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર વિષય સાથે અભ્યાસ વિદ્યાર્થીઓએ વર્તમાન સમયે પર્યાવરણ સામે ઉભા થયેલ પડકારો અને પ્રદૂષણ અંગે પ્રોજેક્ટ રજૂ કર્યા તેમજ હાલની વિષય ચંદ્રયાન-૩નું મોડેલનો પ્રોજેક્ટ તૈયાર કરી તેનું પ્રદર્શન હતું. “હમ ચલે ચાંદ કી ઓર કરીબ લાને' સંદેશ આપી વાણિજ્ય શાખાનાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા











**3.**તા.૦૪/૦૯/૨૦૨૩થી ૦૮/૦૯/૨૦૨૩ નારોજF.Y.B.Sc.અને S.Y.B.Sc.નાંવિદ્યાર્થીઓવી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા ખાતે Physics/Chemistry પ્રેકટિકલ માટે ગયા હતા.

**તા.૦૪/૦૯/૨૦૨૩થી ૦૮/૦૯/૨૦૨૩ દરમિયાનવી. એસ. પટેલકોલેજઓફઆર્ટસએન્ડસાયન્સ, બીલીમોરાખાતેPhysics/Chemistry વિષયનાપ્રેકટિકલ કરતા F.Y.B.Sc.અને S.Y.B.Sc.નાંવિદ્યાર્થીઓ**














૪. તા.૨૬/૧૨/૨૦૨૩ને મંગળવારનાં રોજ કોલેજની IQAC કમિટી, આઈ.ટી.સેલ તેમજ વિજ્ઞાન પ્રવાહ અને નવસારી જિલ્લા મહિલા અને બાળ વિભાગ ગુજરાત રાજ્યનાં સયુંકત ઉપક્રમે વિદ્યાર્થીઓ સાયબર ક્રાઈમ વિશે જાગૃત થાય એ હેતુ થી આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલનાં માર્ગદર્શન હેઠળ સાયબર

સિક્યોરિટી વિષય સંદર્ભે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. જે નિમિત્તે મહિલા અને બાળ વિકાસ અધિકારીની કચેરી નવસારીનાં જિલ્લા કૉ-ઓર્ડિનેટર અસ્મિતાબેન ગાંધી, સખી વન સ્ટોપ સેન્ટર નવસારીનાં કેન્દ્ર સંચાલક હર્ષિદાબેન, વૈદહીબેન અને જયેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા **જેમાં** ૧૫૧ (૪૦ ભાઈઓ અને ૧૧૧ બહેનો) **વિદ્યાર્થીઓ અને ૧૩ (૦૫ ભાઈઓ અને ૦૮ બહેન) અધ્યાપકો** સહભાગી બન્યા હતા.

**તા.૨૬/૧૨/૨૦૨૩,"સાયબર સિક્યોરિટી" વિષય સંદર્ભે એક દિવસીય સેમિનાર**




**૫.** તા.૨૭/૧૨/૨૦૨૩ને બુધવારનાં રોજ કોલેજની IQAC, SSIP, ક્લાઈમેટ ચેન્જ તેમજ વિજ્ઞાન પ્રવાહનાં સયુંકત ઉપક્રમે ગુજરાત સરકાર દ્વારા આયોજિત મિશન લાઈફ કાર્યક્રમ વિશે જે નિમિત્તે IQAC/NAAC નાં

કૉ-ઓડિનેટર અને અંગ્રેજી વિષયના પ્રા.ડૉ.ધર્મરાજભાઈ ઈ.ટેભરેએ Adopt Healthy Lifestyles and Sustainable Food Systems વિષય પર વિદ્યાર્થીઓને વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૫૪ (૨૫ ભાઈઓ અને ૨૯ બહેનો) વિદ્યાર્થીઓ અને ૦૮ (૦૩ ભાઈઓ અને ૦૫ બહેન) અધ્યાપકો સહભાગી બન્યા હતા.

**તા.૨૭/૧૨/૨૦૨૩, Adopt Healthy Lifestyles and Sustainable Food Systems વિષય પરવ્યાખ્યાન**


















૬. તા.૨૮/૧૨/૨૦૨૩ને ગુરૂવારનાં રોજ કોલેજની IQAC, SSIP, ક્લાઈમેટ ચેન્જ તેમજ વિજ્ઞાન પ્રવાહનાં સયુંકત ઉપક્રમે ગુજરાત સરકાર દ્વારા આયોજિત મિશન લાઈફ કાર્યક્રમ વિશે વિદ્યાર્થીઓ જાગૃત થાય એ હેતુ.જે નિમિત્તે રસાયણશાસ્ત્રનાં પ્રા.રક્ષાબેન પટેલે **REDUCING WASTE INCLUDING E WASTE** વિષય પર વ્યાખ્યાન યોજાયુંજેમાં ૫૯ (૧૪ ભાઈઓ અને ૪૫ બહેનો) વિદ્યાર્થીઓ અને ૦૮ (૦૨ ભાઈઓ અને ૦૬ બહેન) અધ્યાપકો સહભાગી બન્યા હતા.

**તા.૨૮/૧૨/૨૦૨, REDUCING WASTE INCLUDING E WASTE વિષય પર વ્યાખ્યાન**














દિવ્ય ભાસ્કર નવસારી 19-01-20

**ખેરગામમાં મિશન લાઈફ અંતર્ગત રિડ્યુસિંગ ઈન્કલુડીંગ ઇ વેસ્ટ વિષય પર વ્યાખ્યાન યો**

ખેરગામ । ખેરગામ કોલેજમાં મિશન લાઈફ કાર્યક્રમ અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન આચાર્ય ડો.એસ.એમ. પટેલના અધ્યક્ષસ્થાને કર્યું હતું. જે નિમિત્તે રસાયણશાસ્ત્રનાં પ્રા.રક્ષાબેન પટેલે 'રિડ્યુસિંગ વેસ્ટ ઈન્કલુડીંગ ઈ વેસ્ટ' વિષય પર વિદ્યાર્થીઓને વ્યાખ્યાન આપતા જણાવ્યું કે (એન્વાયરમેન્ટ પ્રોટેક્ટ એજન્સી) અનુસાર, દરેક વ્યક્તિ 4.40 પાઉન્ડ = 1.99 કિ.ગ્રા. કચરો પેદા કરે છે. તેમાં અત્યંત ઉમેરો થાય છે અને દર વર્ષે લગભગ 230 મિલિયન ટન મ્યુ કચરો પેદા થાય છે. આ કચરો લેન્ડફીલ સાઈટમાં પરિણમે છે પ્રદૂષણ. હવાનું પ્રદૂષણ સર્જે છે અને ભયાનક ગંધ પેદા ક તેની આસપાસના તમામ સમુદાયોને અસર કરે છે. તેથી આપ જે વસ્તુનો ઉપયોગ કરીએ છીએ તેની સંખ્યા ઘટાડવાની જરૂર

**૭.** તા.૨૯/૧૨/૨૦૨૩ને શુક્રવારનાં રોજ કોલેજની IQAC, SSIP, ક્લાઈમેટ ચેન્જ તેમજ વિજ્ઞાન પ્રવાહનાં સયુંકત ઉપક્રમે ગુજરાત સરકાર દ્વારા આયોજિત મિશન લાઈફ જે નિમિત્તે મનોવિજ્ઞાનનાં પ્રા.ડૉ.મેઘનાબેન પટેલે **માનવજીવન અને પર્યાવરણ** વિષય પર વ્યાખ્યાન યોજાયું **જેમાં** ૮૨ (૨૩ ભાઈઓ અને ૫૯ બહેનો) વિદ્યાર્થીઓ અને ૦૬ **(૦૧ ભાઈઓ અને ૦૫ બહેન)** અધ્યાપકો સહભાગી બન્યા હતા.

**તા.૨૯/૧૨/૨૦૨૩, માનવજીવન અને પર્યાવરણ વિષય પર વ્યાખ્યાન**

